# શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત) જામનગર.

## પરિવાર નિર્દેશિકા






જ્ઞાતિ ભવન *૫, હિંમતનગર સોસાયટી, જામનગર, ૩૬૧૦૦૮. ફોન : (૦૨૮૮) ૨૬૭૮૩૨૦

# શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત)
## જામનગર.

## પરિવાર નિર્દેશિકા
## તા.૦૧-૦૪-૨૦૧૯



૫, હિંમતનગર સોસાયટી, જામનગર, ૩૬૧૦૦૮.
ફોન : (૦૨૮૮) ૨૬૭૮૩૨૦

# શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત) જામનગર.

## વર્ષ ૨૦૧૭-૨૦૧૯ ની કારોબારી

| ક્રમ | કાર્યરત હોદેદારોના નામ | સરનામા | હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | **શ્રી ચિમનલાલ હરિલાલ જોષી** | હરિ વીલા, કામદાર કોલોની, શેરીનં. ૫, જામનગર | પ્રમુખશ્રી | મો. ૯૪૨૮૬૬૭૩૮૩<br>(ઓ.)૨૬૭૪૦૬૩(ઘર) ૨૭૧૩૫૨૨ |
| ૨ | **શ્રી પ્રવિણભાઈ શામજીભાઈ મોઢા** | જયશ્રી સોસાયટી, શેરી નં.૨, ન્યુ મેન્ટલ કોલેજ પાછળ,નવાગામ જામનગર | ઉપપ્રમુખશ્રી | મો. ૯૮૨૪૪ ૨૩૮૬૫ |
| ૩ | **શ્રી નાથાલાલ નારણજી થાનકી** | બી–૧, સનબીમ એપાર્ટમેન્ટ, સ્વતિક સોસાયટી, જામનગર | મંત્રીશ્રી | મો.૯૨૨૮૦ ૭૫૬૫૯ |
| ૪ | **શ્રી જયંતિલાલ લાલજીભાઈ મોઢા** | 'ૐ', સંસ્કારદિપ સોસાયટી,રામેશ્વરનગર,કે. પી. શાહની વાડી, જામનગર | સહમંત્રીશ્રી | મો. ૯૪૨૬૯૭૧૪૫૧<br>(ઘર) ૨૭૫૪૭૨૦ |
| ૫ | **શ્રી શૈલેષભાઈ શાંતિલાલ મોઢા** | 'શાંતિ સદન' પટેલ કોલોની, રોડ નં. ૪, શેરી નં.૮,<br>સ્વાગત એપાર્ટ. ની સામે, જામનગર–૮ | ખજાનચીશ્રી | મો. ૯૮૨૫૨૧૯૨૦૨<br>(ઘર) ૨૫૫૫૨૦૨ |
| ૬ | **શ્રી રમેશભાઈ હીરજીભાઈ જોષી** | શિવાની ટેનામેન્ટ–૮, 'ગણેશ કૃપા' વિકાસ ગૃહ રોડ, જામનગર | કા. સભ્યશ્રી | મો. ૯૯૧૩૫૫૫૬૨૯ |
| ૭ | **શ્રી લીલાધરભાઈ જીવાભાઈ રાજયગુરૂ** | ઠે. મેહુલનગર, ૮૦ ફુટ રોડ, વૃધ્ધાશ્રમ પાછળ, જામનગર | કા. સભ્યશ્રી | મો. ૯૪૨૬૯૪૭૧૨૬ |
| ૮ | **શ્રી અરવિંદભાઈ મેઘજીભાઈ મોઢા** | કૃષ્ણ નગર, ૫–૬ છેડે, આનંદ સોસાયટી, 'મધુરમ' જામનગર–૬ | કા. સભ્યશ્રી | મો. ૯૩૭૬૧૭૦૮૧૫ |
| ૯ | **શ્રી ભરતભાઈ નાથાલાલ થાનકી** | ૨૦૧, મંગલ સ્મૃતિ, એપાર્ટમેન્ટ, ક્રિકેટ બંગલો, શેરી નં. ૧,<br>ગુરૂદ્વારાની બાજુમાં, જામનગર–૩૬૧૦૦૧ | કા. સભ્યશ્રી | મો. ૯૭૨૭૭ ૭૧૯૮૮ |
| ૧૦ | **શ્રી કિર્તીભાઈ નાથાલાલ દવે** | 'શિવમ્' ૧૯/૩, જયશ્રી સોસાયટી,નવી ડેન્ટલ કોલેજ પાછળ,<br>નવાગામ ઘેડ–જામનગર | કા. સભ્યશ્રી | મો. ૯૪૨૭૨ ૦૭૫૮૮ |
| ૧૧ | **શ્રી રમેશભાઈ હીરજીભાઈ મોઢા** | બાલવી કૃપા,૧–મયુર ગ્રીન સોસાયટી,નીયર સંગમ બાગ,<br>રણજીત સાગર રોડ, જામનગર | કા. સભ્યશ્રી | મો. ૯૪૨૭૫ ૭૨૦૫૫ |

# શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત) જામનગર.

## પરિવાર નિર્દેશિકા અનુક્રમણિકા


| ક્રમ | નામ | પેઈઝ નં. |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૫ |
| ૨. | નગર, નવાનગર, જામનગર | ૬-૭ |
| ૩. | બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત), રૂપરેખા | ૮ |
| ૪. | સમાજના સંત | ૯ |
| ૫. | સમાજ અને વ્યકિત | ૯ |
| ૬. | બર્ડાઈ બ્રાહ્મણના ઈતિહાસની ઝાંખી | ૧૦-૧૧ |
| ૭. | આપણી ઓળખ | ૧૨ |
| ૮. | આપણી ઓળખ વિશે | ૧૩ |
| ૯. | અટક એક અટકળ | ૧૪-૧૫ |
| ૧૦. | ટ્રસ્ટીઓના નામ, સરનામા, હોદા | ૦૩ |
| ૧૧. | યુવક મંડળ | ૧૭ |
| ૧૨. | મહિલા મંડળ | ૧૮ |
| ૧૩. | પરિવાર નિર્દેશીકા પંકિત પરિવાર નામાવલી | ૦૧ - ૦૧ |
| ૧૪. | પરિવાર નિર્દેશીકા બાપોદરા પરિવાર નામાવલી | ૦૧ - ૦૧ |
| ૧૫. | પરિવાર નિર્દેશીકા થાનકી પરિવાર નામાવલી | ૦૨ - ૧૯ |
| ૧૬. | પરિવાર નિર્દેશીકા જોષી પરિવાર નામાવલી | ૨૦ - ૩૧ |
| ૧૭. | પરિવાર નિર્દેશીકા મોઢા પરિવાર નામાવલી | ૩૨ - ૪૦ |
| ૧૮. | પરિવાર નિર્દેશીકા સાણથરા પરિવાર નામાવલી | ૪૧ - ૪૨ |
| ૧૯. | પરિવાર નિર્દેશીકા રાજયગુરૂ પરિવાર નામાવલી | ૪૩ -૪૫ |
| ૨૦. | પરિવાર નિર્દેશીકા ભોગાયતા પરિવાર નામાવલી | ૪૬ - ૪૮ |
| ૨૧. | પરિવાર નિર્દેશીકા દવે પરિવાર નામાવલી | ૪૯ - ૪૯ |
| ૨૨. | પરિવાર નિર્દેશીકા છેલાવડા પરિવાર નામાવલી | ૫૦ - ૫૦ |

# પ્રસ્તાવના

પરમ પૂજય શ્રી ત્રિકમાચાર્ય બાપુના આશિર્વાદ સાથે સહર્ષ જણાવવાનું કે, જામનગર સ્થિત બર્ડાઈ બ્રહ્મ સમાજ પરિવારના સભ્યોની માહિતી સાથે એક પરિવાર નિર્દેશિકા તા.૧૭-૧૦-૨૦૦૯ ના રોજ પ્રકાશીત કરવામાં આવી હતી. ૧૦ વર્ષ બાદ પરિવારના સભ્યોની સંખ્યા ૧૭૦ થી વધીને આશરે ૨૧૦ થવાથી તથા છેલ્લી માહિતીથી વાકેફ થવાય તે હેતુથી આ પરિવાર નિર્દેશિકા પ્રકાશીત કરવાનો આ ત્રીજો પ્રયત્ન છે. આ નિર્દેશિકામાં પણ કુટુંબના સર્વે સભ્યોના નામ, જન્મ તારીખ, મુળ ગામ, અભ્યાસ તથા રહેણાંકનું સરનામું તથા સંપર્ક ફોન નંબર/મોબાઈલ નંબર આવરી લેવાનો પ્રયત્ન કરેલ છે. આજે આ માહિતી સભર નિર્દેશિકા રજુ કરતા અમારૂં હૃદય આનંદ અનુભવે છે. આ ડિરેકટરી બનાવવામાં અમોને તા.૩૧-૩-૨૦૧૯ સુધીમાં મળેલ બધીજ માહિતી જરૂરી ચોકસાઈ રાખી આવરી લેવામાં આવેલ છે છતાં પણ કોઈ ક્ષતિ રહી જવા પામેલ હોય તો દર ગુજર કરવા વિનંતી. આપણા ઈષ્ટદેવની અસીમ કૃપા તેમજ વડીલોના આશીર્વાદથી આ માહિતી જ્ઞાતિજનો ને રજુ કરતા અમો આજે અતિ આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ માહિતી સભર ડિરેકટરી બનાવવામાં જ્ઞાતિજનોએ આપેલ સાથ અને સહકાર બદલ ખુબ ખુબ આભાર માનું છું.

આપનો સહૃદયી,
ચિમનલાલ હરિલાલ જોષી
: પ્રમુખ :
શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત)જામનગર

# નગર... નવાનગર... જામનગર

જામનગરની સ્થાપના નાગમતી તથા રંગમતી નદીના કાંઠે વિક્રમ સંવત ૧૫૯૬માં શ્રાવણ સુદ આઠમને બુધવારે તા.૨૪ જુલાઈ ઈ.સ. ૧૫૩૯ આશરે ૪૮૦ વર્ષ પહેલા થઈ હતી. નાગમતી અને રંગમતી નદીના સંગમ સ્થળે રાજધાનીની સ્થાપના જામ રાવલે કરી હતી. આ બન્ને નદીઓના સંગમ સ્થાનો બદલાતા રહયા છે. જામ રાવલ જેમ જેમ પ્રદેશો જીતતા ગયા તેમ તેમ તેમનું રાજય વિસ્તરતું ગયું. જામરાવલે પ્રથમ બેડમાં અને ત્યાર બાદ ખંભાળીયા રાજધાની બદલી હતી. કહેવાય છે કે નગરની સ્થાપના વખતે બે કે ત્રણ થાંભલીઓ રોપવામાં આવી હતી. આમાની બે થાંભલીઓ દરબારગઢ પાસે અને ત્રીજી થાંભલી માંડવી ટાવર પાસે રોપી હોવાનું કહેવાય છે. નગર જયારે વસ્યુ ત્યારે 'નવીનનગર' અથવા 'નવાનગર' કહેવાયું. જામ રાજવીઓની સળંગ ચાલી આવતી ગાદીના કારણે જામનું નગર એટલે 'જામનગર' એ નામ પાછળથી પ્રચલિત થયું. જૂના રાજય વહિવટમાં જામનગર નામ જ પ્રયોજાયેલું જોવા મળે છે.

'સૌરષ્ટ્રના પેરીસ' અને 'છોટી કાશી' જેવા બિરૂદ ધરાવતું રળીયામણું શહેર ભારતના પશ્ચિમ કાંઠે, અરબી સમુદ્રના કાંઠે ૨૨.૧૩ં ઉતર અક્ષાંસ અને ૬૯.૪૨ં પૂર્વરેખાંશ પર આવેલ છે. જુના જામનગર જીલ્લામાં ૧૦ તાલુકાઓ આવેલ હતાં સરકારશ્રી દ્વારા તા. ૧૩-૮-૨૦૧૩ના જાહેરનામા થી જામનગર જીલ્લાનું વિભાજન થતાં જ તાલુકા-ખંભાળીયા,કલ્યાણપુર, ભાણવડ અને દ્વારકાનો સમાવેશ નવરચિત દેવભૂમિ દ્વારકા જીલ્લામાં કરવામાં આવેલ છે. હાલમાં જામનગર જીલ્લામાં કુલ ૬ તાલુકાઓ-જામનગર, કાલાવડ, ધ્રોલ, જોડીયા, લાલપુર તથા જામજોધપુર - રહેલ છે. જામનગર જીલ્લામાં ૪૨૧ ગામડા, ૪૧૩ ગ્રામ પંચાયત, ૫ મ્યુનિસિપાલીટી આવેલી છે.વસ્તી વધારાનો દર ૧૦.૨૨ % છે. જાતિનો રેશીયો ૧૦૦૦ પુરૂષોએ ૯૩૪ સ્ત્રીઓ છે. વસ્તીની ઘનતા ૨૩૮/ચો.કિમી છે. સાક્ષરતા રેશીયો ૭૬.૭૨ % છે. વાર્ષિક સરેરાશ વરસાદ ૧૧૦૦ મીમી છે. ખેતીના મુખ્ય પાક મગફળી, કપાસ, ઘઉં, બાજરો તથા દિવેલો છે. ૧૩૧૮૪ ચો.મી. વિસ્તાર ધરાવતાં આ જીલ્લાની કુલ વસ્તી ૧૩,૮૯,૨૮૩ તથા શહેરની વસ્તી ૭,૧૮,૩૦૬ (ઈ.સ.૨૦૧૧) મુજબ નોંધાઈ છે. તથા જીલ્લામાં ૭૪૬ પ્રાથમિક શાળા, ૨૯૩ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા ૨૯ કોલેજો આવેલી છે. મુખ્ય ઉદ્યોગોમાં બ્રાસ પાર્ટ, બટન, બાંધણી, કંકુ-કાજલ, સુરમો, અતર, મીઠા ઉદ્યોગ, રીફાઈનરી, ખાતર, સિમેન્ટ વિગેરે છે. મુખ્ય પ્રવાસના સ્થળો દ્વારકા યાત્રાધામ, બેટ (દ્વારકા), નાગેશ્વર (દ્વારકા), હરસિદ્ધી માતા (હર્ષદ), આરાધના ધામ, ધુમમલી, કિલેશ્વર, બરડો ડુંગર, ગોપ, મરીન નેશનલ પાર્ક, પક્ષી અભ્યારણ્યો, ભુચર મોરી, તેમજ જામનગર શહેરના પર્યટન સ્થળો અને દરીયાઈ બીચ છે. આર.ટી.ઓ. મુજબ વાહનો માટે જી.જે.૧૦ નંબર ફાળવાયેલા છે.

જામનગર શહેરમાં લગભગ ૨૦૦ શિવાલયો, ૧૦૦ વિષ્ણુ મંદિરો ઉપરાંત જૈન દેરાસરો, સ્વામિનારાયણ મંદિર, પ્રણામી ખીજડા મંદિર, સહિત ૪૦૦ થી ૫૦૦ જેટલા દેવ સ્થાનો છે. તેથી જામનગરને 'છોટી કાશી' નું બિરૂદ આપવામાં આવેલ છે. લાખોટા તળાવના કાંઠે આવેલ બાલા હનુમાનજી ના મંદિરમાં છેલ્લાં ૫૯ વર્ષથી અખંડ રામધુન ચાલે છે જેનો ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સમાવેશ કરવામાં આવેલ છે.

પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની મોટી હવેલીની ગાદી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સ્થાપેલી છે. મહાપ્રભુજીની સાત બેઠકો હાલરમાં આવેલી છે. કબીર આશ્રમ, આંણદાબાવા આશ્રમ, દાઉદી વોરા કોમનાં ધર્મસ્થાનો પણ આવેલા છે.

શહેરની મધ્યમાં આવેલ લાખોટા તળાવ શહેરની સ્મરણીયતામાં વધારો કરે છે. તથા તે હજારો ડંકીઓના પાણીનો મુખ્ય સ્ત્રોત છે. સોલેરીયમ, ભુજીયો કોઠો, પ્રતાપવિલાસ પેલેસ, મૂર્તિઓ સભર સ્મશાન(સોનાપુરી), વોરાનો હજીરો વિગેરે જામનગરના મહત્વના સ્થળો છે.

જામનગર શહેરની નજીક બેડીબંદર, રોજીબંદર, સારી રીતે વિકસેલા બંદરો છે, અને સેનાનું તાલિમ કેન્દ્ર આઈ.એન.એસ. વાલસુરા પણ શહેરનું આકર્ષણ કેન્દ્ર છે. જામનગર શહેરની બાંધણી-ઘરચોરા માટે ખુબજ પ્રખ્યાત છે. સૂડી, ચપ્પુ, અતર, કંકુ, સુરમો, બટન, તથા બ્રાસ પાર્ટની ચીજ વસ્તુઓમાં નિપુણતા જોવા મળે છે. સૌરાષ્ટ્રનું નજરાણું ગકણાતા જામનગર શહેરે જામ શ્રી રણજીતસિંહજી અને દુલિપસિંહજી, વિજય મર્ચન્ટ, વિનુ માંકડ, અમરસિંગ, સલીમ દુરાની, અજય જાડેજા, રવિન્દ્ર જાડેજા જેવા ક્રિકેટરોની દેશને ભેટ આપેલ છે. ફિલ્મ ક્ષેત્રે સરદાર ચંદુલાલ શાહે ‘રણજીત બેનર’ હેઠળ ૧૫૨ ફિલ્મો બનાવી છે જે એક વિશ્વ રેકોર્ડ છે. નાટય-ફિલ્મ જગતનાં કલાકાર નારાયણ રાજગોર(સલાયા-સોડસલા) તથા મુળરાજ રાજડા (ખંભાળીયા), કલા નિર્દેશક છેલ પરેશ (દ્વારકા), તથા નિર્દેશક મેહુલકુમાર (શેઠ વડાળા) વિગેરે એ ફિલ્મ ક્ષેત્રે સારૂ પ્રદાન આપ્યું છે.

બર્ડાઈ બ્રાહ્મણ નામ જે ડુંગર પરથી પડયું છે તે બરડો ડુંગર આશરે ૭૦૦ આયુર્વેદિક જડીબુટ્ટીઓનું પ્રાપ્તી સ્થાન છે. જૈવ વિવિધતા માટે મરીન નેશનલ પાર્ક,તથા પક્ષી અભ્યારણ્ય ખીજડીયા બર્ડ સેન્ચુરી પ્રકૃતિ પ્રેમીઓનું આકર્ષણનું કેન્દ્ર છે. પ્રખ્યાત પક્ષીવિદ ર્ડા. સલીમ અલીએ ખીજડીયા બર્ડ સેન્ચુરીની મુલાકાત વખતે આશરે ૧૧૦ પક્ષીઓની જાતિઓની ગણતરી કરી હતી. રિલાયન્સ તથા એસ્સારની ઓઈલ રિફાઈનરીઓને કારણે જામનગર ઓઈલ સીટી તરીકે ભારત દેશમાં પ્રચલિત થઈ રહયું છે. આયુર્વેદ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ ઝંડુ ભટ્ટની જન્મભૂમિ તથા કર્મભૂમિ જામનગર હતી. વિશ્વની એક માત્ર આયુર્વેદ યુનિવર્સીટીનું મુખ્ય મથક જામનગર છે.

જામનગર શહેર તેની સમધાન આબોહવા તથા હુલ્ડ વિરોધી ધર્મપ્રિય શાંત પ્રજા માટે વસવા લાયક સ્થળ ગણાય છે. આરામપ્રિય પ્રજા બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી ધંધો વ્યવસાય બંધ રાખી આરામ કરવાનું વધારે પસંદ કરે છે. અન્ય કોઈ પણ શહેર કરતાં વધુમાં વધુ પાન ની દુકાનો તથા ગલ્લા તેમજ અનેક ખાણી-પીણી સ્વાદના શોખીનો આ શહેરમાં છે તે પ્રજાની શોખીન પ્રિયતા દર્શાવે છે.



સંપાદન : ઉમેશ અર્જુનલાલ થાનકી
‘અમૃત’, પાર્ક કોલોની, જામનગર
મો. ૯૪૨૬૨ ૦૬૮૬૩

# શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત) જામનગરની રૂપરેખા

તા.૧૪-૧૦-૧૯૮૧ના શુભ દિવસે શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ(નાની નાત) જામનગરની સ્થાપના થઈ તથા જાહેર ટ્રસ્ટ તરીકેની નોંધણી રજી.નં.એ/૧૨૭૫ હેઠળ થયેલ છે. સૌરાષ્ટ્રમાં ખ્યાતનામ ગુરૂ ગોવિંદસિંહ (ઈરવીન) હોસ્પિટલ નજીક આવેલ આ સંસ્થાના જ્ઞાતિ ભવનમાં ૭૦૦૦ ફુટ જમીન ઉપર ભોંયતળીયે તથા પ્રથમ માળે બાંધકામ કરેલ છે. છેલ્લા ત્રણ દાયકામાં જ્ઞાતિભવનમાં ઘણો સુધારો થયેલ છે. ઓફિસ રૂમ, રસોડું, ભવ્ય સભાગૃહ, આઠ રૂમ, સ્ટોર રૂમ તથા મંડપ માટેનું ખુલ્લું મેદાન જેવી સવલત હોવાથી અન્ય જ્ઞાતિજનો પણ લગ્ન પ્રસંગો માટે આ ભવનનો આગ્રહ રાખે છે. આ સંસ્થા દ્વારા વિવિધ સમાજ ઉપયોગી કાર્યો જેવા કે સ્નેહ મિલન, સમુહ ભોજન, વિદ્યોતેજક પ્રવૃતિઓ, પુસ્તક-નોટબુક વિતરણ, સ્કોલરશીપ, પ્રવાસ, પર્યટન, બ્લક ડોનેશન કેમ્પ, તબીબી સહાય તથા દર્દીઓ તથા તેમનાં સગાઓ માટે રહેવા-જમવાની સગવડ પુરી પાડવી વિગેરે કાર્ય થાય છે. આ જ્ઞાતિભવન માટે શરૂઆતથી જમીન ખરીદી તથા ભવન બાંધકામ માટે જેમણે તન-મન-ધનથી સેવા આપી છે, તેવા સ્નેહીઓની યાદી આ પ્રમાણે છે.

શ્રી હરીલાલ દામજીભાઈ જોષી (અબુધાબી-જામનગર)
શ્રી નરભેશંકરભાઈ મોઢા (હાથલા,હા. દુબઈ)
શ્રી બી. એલ. જોષી ટ્રસ્ટ (ભારવાડા,હા. લંડન)
શ્રી લાભશંકર રામજી જોષી (અડવાણા,હા.અબુધાબી)
શ્રી કાંતિલાલ મણિલાલ થાનકી (કેનેડા)
શ્રી શાંતિ ધીરજ ટ્રસ્ટ (છાંયા)
શ્રી કરશનજીભાઈ કે. રાજયગુરૂ (અડવાણા)
શ્રી વિનોદરાય રૂગનાથ થાનકી (લંડન)
શ્રી પ.પૂ. દેવુ ભગત (રાણા કંડોરણા)
શ્રીમતિ લલીતાબેન મણીશંકર થાનકી (પોરબંદર, હ. ડાં. ગીજુભાઈ થાનકી)
શ્રી પુરૂષોતમ માધવજી જોષી (રાજકોટ)
શ્રી માધવજી રાઘવજી જોષી (બેંગ્લોર)
શ્રી મનસુખભાઈ મથુરદાસ સ્થાનકીયા (બેંગ્લોર)
શ્રીમતિ મંજુલાબેન તુલશીદાસ પંડિત (લંડન,હ.હરીશકુમાર)

આ ઉપરાંત અન્ય જે જ્ઞાતિબંધુઓએ રોકડ રકમ કે ઉપયોગી સાધન સામગ્રી ભેટ સ્વરૂપે આપેલ છે, તે સૌનો આ તકે સંસ્થા આભાર માને છે. જ્ઞાતિભવનનાં નિર્માણકાર્યના પાયાના પથ્થર સમા સર્વ શ્રી પુરૂષોતમભાઈ થાનકી, શ્રી ગૌરીશભાઈ થાનકી, શ્રી શાસ્ત્રીજી લાલજીભાઈ મોઢા, શ્રી હિરજીભાઈ ગીગાભાઈ જોષી, શ્રી પ્રાણજીવનભાઈ થાનકી, શ્રી અર્જુનલાલ ગોવિંદજી થાનકી, શ્રી હરીશભાઈ જી. જોષી, શ્રી ત્રિકમજીભાઈ ભોગાયતા, શ્રી વિઠ્ઠલભાઈ મોઢા, શ્રી નાથાલાલ દવે, શ્રી લાભશંકર મોઢા, શ્રી શાંતિલાલ મોઢા, શ્રી હરીશભાઈ મોઢા, શ્રી અરવિંદભાઈ મોઢા, શ્રી દયારામભાઈ જોષી, શ્રી ઉમેશભાઈ થાનકી, શ્રી રાજેશ એલ. જોષી, શ્રી મોહનભાઈ જોષી, શ્રી ગીજુભાઈ થાનકી, શ્રી પ્રવિણભાઈ મોઢા, શ્રી શૈલેષભાઈ મોઢા, શ્રી હરીલાલ ગીગાભાઈ જોષી, શ્રી કરૂણાશંકર કાનજી થાનકી, શ્રી જયંતીભાઈ મોઢા, શ્રી ચીમનલાલ હરીભાઈ જોષી, શ્રી રમેશભાઈ હીરજીભાઈ જોષી, શ્રી નાથાલાલ નારણજીભાઈ થાનકી, શ્રી ચંદ્રકાન્તભાઈ જોષી, શ્રી કિર્તીભાઈ દવે, શ્રી હર્ષદભાઈ દવે વિગેરે એ તન-મન-ધનથી અથાગ પરિશ્રમ કરી પોતાનું યોગદાન આપેલ છે.

ત્રણ દાયકાની લાંબી મંજીલ પૂર્ણ કરવા તરફ જઈ રહેલ આ સંસ્થાના સભ્યોને સાંકળવાના હેતુથી સંપર્ક સેતુ સમાન આ નિર્દેશિકાના વિમોચન પ્રસંગે આપણી જ્ઞાતિનો કલા-સંસ્કાર-સંસ્કૃતિ નો વારસો જળવાય રહે તેવી શુભ ભાવના સાથે સર્વ જ્ઞાતિજનોને સુખ-શાંતિ તથા સમૃધ્ધિ માટે પ્રભુને અભ્યર્થના...

ચિમનલાલ હરિલાલ જોષી
: પ્રમુખ :
શ્રી બર્ડાઈ બ્રહ્મસમાજ (નાની નાત)જામનગર

# સમાજના સંત

આજે પણ મુસીબતોમાં એક યા બીજી રીતે માર્ગ ચીંધનાર વંદ્યવિભૂતિ પરમ પૂજ્ય શ્રી ત્રિકમાચાર્ય બાપુનો જન્મ કુણવદર ગામમાં એક સામાન્ય ઘરમાં વિ.સંવત ૧૯૨૦ ના પોષ સુદ-૭ ની વહેલી સવારે. ખેતી એ ઘરનો વ્યવસાય. નાનપણમાં બળદો ચરાવે, ખેતી વાડીમાં કામકાજમાં મદદરૂપ થાય-પણ મન કોઈ અલખની આરાધનામાં, સ્વભાવે ધુની-મનમાં આવે તે ભજન ગાવા માંડે, કોઈને કીધા વિના નાની ઉંમરે જાત્રામાં ઉપડી ગયેલા-બાપનું નામ- હરિદાસ મારાજ અને માં નું નામ લાછબાઈ, આખું નામ ત્રીકમજી હરીદાસ થાનકી. સંસાર શબ્દથી જે નાનકડો જુવાન અજાણ હતો. જિંદગીને હજુ પુરી ઓળખી ન્હોતી ત્યાં લગ્નની બેડીથી બંધાઈ જવું પડયું. પણ કિસ્મતના પાને કંઈક જુદુ જ આલેખ્યું હતું. નાની મજાની રૂપાળી દીકરીને જન્મ આપી પત્ની મોટે ગામતરે નીકળી ગયા. (વિ.સં.૧૯૫૭). ભોજાઈ સાથે અણબનાવ થયો. સ્વાર્થ-લોભ-લાલચ-દગા ફટકાની આ હરી ભરી દુનિયામાં આ જીવ અકળાવા માંડયો. ભગવાન ભરોસે બધું છોડી ઘરનો ત્યાગ કર્યો. વન-ઉપવન, ડુંગરે ડુંગરે ફરી વળ્યા. ગીરનારની કંદરાઓ ખુંદી, ભકિતના માર્ગમાં મન વળ્યું-તપસ્યાનો આશરો લીધો, તપ જીવનની બહુમુલ્ય ઘટના બની ગઈ. તેમણે કોઈનો સંગ કર્યો નથી. કોઈને ગુરૂપદે સ્થાપ્યા નથી. કોઈ પાસેથી ઉપદેશ લીધો નથી. આપ મેળે અંદરથી જ જ્ઞાન પ્રાપ્ત કરેલ. બરડા ડુંગરના આભપરે એમના બેસણાં, બરડાઈ બ્રાહ્મણોના સમાજમાં આ વખતે કન્યાવિક્રયનું દુષણ ઘર કરી ગયું હતું. આ જોઈ આ સંત તપસ્વીનો જીવ ઉકળી ઉઠયો હતો. પોતાના તપોબળે એમણે બરડાઈ માનસ પર અનોખો જાદુ કર્યો, ગામ-ગામ જઈ બરડાઈ પંથકમાં બર્ડાઈ બ્રાહ્મણોને સમજાવ્યાં. ઓછું બોલતા પણ એની અસર જાજી થતી. લગભગ ૬૬ વર્ષે વિ.સં.૧૯૮૬ની મહાશિવરાત્રીની સંધ્યાએ એમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી. એ પહેલા કન્યા વિક્રય દુષણનો અંત આવી ગયો હતો.

આપણા આ સમાજ કલ્યાણના આવા રૂડાં કાર્ય કરનાર સંતને કોટિ કોટિ વંદન

# સમાજ અને વ્યકિત

સમાજ અને વ્યકિત એક બીજાથી જુદા નથી. સમાજ એટલે વ્યકિત અને વ્યકિત એટલે સમાજ. આમ બન્ને એક બીજાના પૂરક છે. વ્યકિતની ઓળખ એના વ્યકિતત્વથી થાય છે. વ્યકિતત્વ સમાજના વિકાસમાં અગત્યનો ફાળો આપે છે. વ્યકિતત્વને ખીલવે છે, વ્યકિતનો વ્યવહાર, એની સરળતા, નિખાલસતા, નમ્રતા લાગણી સભર વાણી અને વર્તન. આપનું વ્યકિતત્વ ચેતનવંતુ હશે તો સમાજમાં ચેતના જાગશે નવી આભા ઉમટશે.

સમાજની સફળતાનો આધાર જ્ઞાતિજનોની પ્રવૃતિ, પુરૂષાર્થ અને પ્રગતિ પર અવલંબે છે. સમાજની વ્યકિતની બીજી વ્યકિત સાથે ઓળખ થાય છે. એક મેકને સમજવા માટે સમાજ એ 'પ્લેટફોર્મ' નું કામ કરે છે. વિચારોને આપ-લે પાછળ ઉમદા ભાવનાની અપેક્ષા રાખવામાં આવે છે. સમાજનો વિચાર કરીએ ત્યારે વ્યકિત મટી જવી જોઈએ. એક રાગ, એક સૂત્રતા અને એકાત્માની ભાવના કેળવાય તો સમાજ એના સ્વપ્નોને સાકાર જલદી કરી શકે છે. નાના મોટા-ઉંચનીચના ભેદભાવોને ભુલી જવા માટે સમાજ છે. અહીં સૌ સરખા-સમાજના બાળકો છે. સમાજ સહિયારો સંગાથ ઝંખે છે. વ્યકિત વ્યકિત વચ્ચેની હરીફાઈ નહીં અલબત સમાજ તંદુરસ્ત સ્પર્ધાને જરૂર પ્રોત્સાહન આપવાનું ઈચ્છે છે, જે એનાથી વ્યકિતનું વ્યકિતત્વ ખીલતું હોય, સિદ્ધિની સ્પર્ધા ન હોય સિદ્ધિનો આનંદ ઉજવવાનો હોય. બીજાની સિદ્ધિમાં આપણે આપણો આનંદ મેળવવાનો હોય છે. કોઈની સિદ્ધિ - કોઈની ઈર્ષાનો વિષય ન બને તેની તમામ કાળજી વ્યકિતએ રાખવાની છે. અને એ એની સમાજ પ્રત્યેની ઉમદા સેવા છે. તન-મન-ધનથી સમાજની સેવા કરીએ એવું વ્યકિતત્વ ખીલવાની સમાજને અપેક્ષા છે. ચાંદની સહેલગાહે નીકળેલા આદમીની પાછળ લક્ષ્મી અને સરસ્વતી બન્નેનો હાથ હતો. સમાજને પણ આજે બન્નેની જરૂર છે કારણ કે-સમાજે સાચા અર્થમાં એની વ્યાખ્યાને સાર્થક કરવાની છે.

# બર્ડાઈ બ્રાહ્મણના ઈતિહાસની ઝાંખી

દરેક જ્ઞાતિને પોતાનો આગવો એક ઈતિહાસ રહેલો હોય છે, કોઈએ ઈતિહાસને અકબંધ જાળવી રાખે છે. કોઈ એના મુળ સુધી પહોંચવાની કોશિશ કરે છે. જે કાંઈ સ્મૃતિમાં સચવાયેલું હોય એ ધીરે ધીરે લુપ્ત થતું રહે છે. પેઢી દર પેઢી એ ઈતિહાસના વણલખ્યાં પાનાં જેવા ને તેવા સાચવી શકતા નથી. આપણા વડવાઓએ કે કોઈ મોટેરાઓએ આ દિશામાં કંઈ યોગ્ય પગલાં ભરી સ્વજ્ઞાતિના ઈતિહાસને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો હોય એવું જાણમાં નથી. હા એકાદ આછો પાછળો પ્રયત્ન કોઈ નવી પેઢીમાં કરી ગયો હોય પણ એનો જોઈએ એ પ્રમાણમાં કોઈએ વાંસો થાબડયો નથી. જે કાંઈ સંશોધન આ ક્ષેત્રે થયું હશે એની પુરતી નોંધ પણ લેવામાં આવી છે કે નહીં એ ચર્ચાનો વિષય બની રહેશે. પરિણામે આપણાં ઈતિહાસ વિશે આપણે બહુ ઓછું જાણીએ છીએ અથવા  પુરાવાના અભાવે કંઈજ જાણતા નથી એમ પણ કહી શકાય. શિક્ષણનાં ક્ષેત્રમાં ટકાવારીની દ્દષ્ટિએ આપણે ખૂબજ પછાત હોવા જોઈએ જેથી કશું જ ગ્રંથસ્થ રીતે ઉપલબ્ધ નથી.

આજે પણ 'આપણે ઘણાં આગળ છીએ' એવો સંતોષ લેતા પહેલાં બીજી જ્ઞાતિઓ તરફ નજર ફેરવશું તો જણાશે કે આપણે બધાં ટકાવારીની દ્દષ્ટિએ શિક્ષણ ક્ષેત્રે કહેવાતી પછાત જાતિઓ કરતાં પણ ઘણાં પછાત રહયા છીએ.

ઘણાં કહે છે, ઘણાં માને છે કે આપણે દ્વીજો ઠેઠ કૃષ્ણના વખતથી બરડા પંથકમાં રહીએ છીએ. કૃષ્ણ-સુદામાંની જોડી માયલો સુદમાં 'સ્થાનકિય' હતો - બ્રાહ્મણ હતો એ સૌ જાણે છે. પોરબંદર શહેરનું નામ પહેલા સુદામાપુરી હતું એની પાછળ પણ એક સત્ય ડોકાઈ રહેલ છે કે સુદામાને આ શહેર-ગામ સાથે સાંકળવા પાછળ કોઈ ખાસ ઐતિહાસીક કારણ હોવું જોઈએ. કોઈ ખાસ હેતુ હોવો જોઈએ.  આજે આપણે જાણતા નથી. કદાચ જાણવાની કોશિશ કરી નથી.

આપણામાંનો એક વર્ગ એવો પણ છે જે માનતો થયો છે કે આપણે બધા ઔદિચ્ય બ્રાહ્મણો હતા અને સ્થળાંતર કરીને બરડાઈ ડુંગરની આસપાસ તળેટીમાં આવીને વસ્યા એટલે બર્ડાઈ કહેવાયા. કયારે સ્થળાંતર કર્યુ ? શા માટે સ્થળાંતર કર્યુ એનો ઉલ્લેખ એમની પાસે નથી. માત્ર પોતાની અટક બદલાવવાની વાતથી એમણે સંતોષ માન્યો હશે.

આપણી જ્ઞાતિના ઈતિહાસનું સંશોધન કરવામાં ભાઈ શ્રી  દેવકુમાર  મોઢા એ ઠીક ઠીક પ્રયત્નો કર્યા હતા, એમણે એના ગ્રંથસ્થ થયેલા પુસ્તકોમાં એક જગ્યાએ નોંધ્યુ છે કે આપણી જ્ઞાતિનો સવિસ્તર ઈતિહાસ શ્રી સ્કંદ પુરાણમાં ૩૨ થી ૩૫ અધ્યાય સુધીમાં આવરી લેવાયો છે. સ્કંદ પુરાણમાં જે બ્રાહ્મણ જ્ઞાતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ ગિરિનારાયણ સ્વરૂપના બ્રાહ્મણો. એમનું કહેવું છે કે આપણે બધાં મુળમાં ગિરિનારાયણ બ્રાહ્મણો છીએ. જે પાછળથી 'ગિરનારા' તરીકે જાણીતા થયાં. માધવપુરમાં વસતા માધવિયા, ચોરવાડના ચોરવાડીયા, અને આબુમાં વસતા આજકિયા બ્રાહ્મણોના ગૌત્ર, શાખા, પ્રવર, વેદ વગેરે જ્ઞાતિના બ્રાહ્મણો સાથે મળતા આવે છે, તેઓ આગળ વધીને કહે છે કે સ્વજ્ઞાતિ વિશેનો ઈતિહાસ વિશેષતો ભટ્ટ ગોવિંદજીના પુત્ર શિવદતે ધ્રોળ મુકામે વિક્રમ સંવત ૧૬૮૨ના વર્ષમાં શ્રાવણ સુદ-૫ ને ગુરૂવારે કોટિ હોમાત્મક યજ્ઞ કરેલો એમાંથી જાણવા મળેલ છે. એ શુભ અવસર પર વૈષ્ણવોના આચાર્ય ગોસ્વામી શ્રી દિક્ષીતજી મહારાજ પધાર્યા હતાં. આ યજ્ઞમાં કુલ ત્રણેક હજાર ગિરનારા બ્રાહ્મણો ભેગાં થયા હતાં.

યજ્ઞની સમાપ્તિ પછી મહારાજે કંઠીએ બાંધને વૈષ્ણવ ધર્મ અંગીકાર કરવા નમ્ર વિનંતી કરી હતી. આમાનાં અગિયારસો જણાએ કંઠીઓ બંધાવીને વૈષ્ણવ ધર્મ સ્વીકાર કર્યો પણ બાકીના ઓગણીસસો બ્રાહ્મણોએ જણાવ્યું કે અમે ભગવાન શિવ ના ભક્તો છીએ અમે કંઠી બાંધીને કોઈની ગુલામી સ્વીકારવા તૈયાર નથી. અનાદિકાળથી જે શૈવધર્મ ચાલ્યો આવ્યો છે એ જ અમારો ધર્મ અને એ  છોડવા અમે રાજી નથી. આમ બે તડાં પડી ગયાં. ઓગણીસસો જણાં નો મોટો વર્ગ નિજ ધર્મને ટકાવી રાખવા ધુમલીની આજુબાજુ બરડાઈ પંથકમાં વસ્યા અને બર્ડાઈ બ્રાહ્મણ તરીકે ઓળખાયા. આમ જોઈએ તો આપણો ઈતિહાસ ૩૭૫ વર્ષ જેટલો જુનો છે. કૃષ્ણાત્રિ ગોત્રજના દ્વિજો જે પાઠક હતાં એ આશાપુરા માતાના મંદિરમાં સેવા બજાવતાં એ સ્થાનક્યિ તરીકે ઓળખાવા લાગ્યાં. રાણાના મેવદર ગામમાં વસવાટ કરી રહેલા જોશીઓ જે ભારદ્વાજ ગોત્રના હતાં એ ગામ ઉજ્જળ થતાં કોલિખડા, બોખીરા, ઓડદરમાં આવીને વસ્યા અને ગોખડિયા, બોરીખીયા અને ઓડદરીયા તરીકે ઓળખાયા. ભાગોર ગામમાં વસતા ભોગાયતા, મોઢવાળા ગામમાં વસતા કૌડિન્ય ગોત્રના દ્વિજો મોઢવાડિયા અને છેલ્લે મોઢ્ઢ એ સંજ્ઞાથી ઓળખાવા લાગ્યાં. કૌશિક ગોત્રના બ્રાહ્મણો કિંદરખેડામાં વસ્યા અને કિંદરખેડિયા તરીકે જાણીતા થયાં. છેલાવડા અને બાપોદરા, તેમજ સાણથરા અને રાજયગુરૂના નામથી જાણીતા થયા. આમ મૂળ કૃષ્ણાત્રિ, ભારદ્વાજ, કૌશિક, કશ્યપ કૌડિન્ય અને ગૌતમ ગૌત્રના બ્રાહ્મણો જયાં જયાં વસવાટ કર્યો અને જે જે સેવા સ્વીકારી એનાથી વિશેષ જાણીતા થયાં.

એમાં પાછળથી પરાશર, મૌદગલ, અને ગર્ગ ગોત્રના દ્વિજો ભળ્યા જેઓ આચાર્ય, પુરોહિત, અને બાંભણીયા તરીકે ઓળખાયા.  જેનાં વિશે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. કોઈ 'સ્થાનકિય' ભણીભણીને 'પંકિત' ની પદ્દવી એ પંકિ ત તરીકે ઓળખાયા.

એક વસ્તુ નોંધવા જેવી છે કે દ્વિજોએ પોતે શૈવ પંથી હોતા બીજા ધર્મની કંઠી ન બંધાવી અને પોતાના ધર્મને કાજે સ્થળાંતર સ્વીકાર્યું એ જ દ્વિજોના અમુક સમુહોએ પાછળથી વૈષ્ણવ ધર્મનો વધુ પ્રચાર અને ફેલાવો થતાં વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યો પણ એને કારણે કોઈ તડાં પડયા નહીં કે રોટી-બેટી વ્યવહાર બંધ થયો નહીં એ સુખદ હકીકત છે. આ ભૂદેવોમાં એમના વડવા ઓનું જ લોહી સચવાય રહેલ હોય એમનું ચોકકસ કાઠું, રૂપ, રંગ, રીતભાત, રિવાજ, સંસ્કાર એમને બીજાથી જુદા પાડે છે તેની પણ નોંધ લેવી ઘટે.

પૂ. શ્રી  કે. કા. શાસ્ત્રીએ એક જગ્યાએ લખ્યું છે કે 'બદલે બીજા લોક - બરડાઈ બદલે નહીં'- એવા ખમીરવંતા દુહામાં આ બ્રાહ્મણ જ્ઞાતિની આગવી લાક્ષણીકતાનો નિર્દેશ છે. સેંકડો વર્ષથી આ જ્ઞાતિનો વિકાસ બરડાઈના પહાડોની આસપાસના પ્રદેશમાં થયો છે. ભૂગોળ હંમેશા ઈતિહાસ ઘડવામાં મહત્વનો ભાગ ભજવતી રહી છે. પ્રજાની ખાસિયત જેવી ભૂમિ પર એ રહેતી હોય છે. એના વિકાસનો ખમીરવંતો ઈતિહાસ આ જ્ઞાતિની ચોકકસ પ્રકારની દ્રઢતાને કારણે થયો છે. બરડાઈ બ્રાહ્મણનું આ ખમીર આજે એના સામાજીક વિકાસમાં ભારે મહત્વનો ફાળો આપી રહયું છે.

લેખક
શ્રી સુરેન્દ્રભાઈ થાનકી - મુંબઈ

# આપણી ઓળખ

| ક્રમ | અટક | સુધરેલી અટક | ગોત્ર | શાખા | વેદ | કુળદેવી | મહાદેવ | ગણપતિ | ભૈરવ | ક્ષેત્રપાળ | પ્રવર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | - | પરાશર | મધ્યાંદિની | યજુર્વેદ | બટચલક્ષણી | પારેશ્વર | નક્રં | સિધ્ધિદાતા | ચિત્રેશ્વર | પરાશર, શકિત, વશિષ્ટ |
| ૨ | બાંભણીયા | - | ગર્ગ | મધ્યાંદિની | યજુર્વેદ | કમલેશ્વરી | ત્રંબકેશ્વર | સ્વર્ગ | કાળભૈરવ | કામેશ્વર | ગાર્ગ્યે, કૃતકૌશિક, મડવ્ય અર્થવ, વેશમ્પાયન(પાંચ) |
| ૩ | બાપોદરા | પંડયા | કશ્યપ | કોથમી | સામવેદ | જોગેશ્વરી | કશ્યપેશ્વર | મૃત્યુ | જટીલ | લક્ષ્મેશ્વર | કશ્યપ, અવત્સાર, અસીત |
| ૪ | છેલાવડા | - | કશ્યપ | કોથમી | સામવેદ | જોગેશ્વરી | કશ્યપેશ્વર | મૃત્યુ | જટીલ | લક્ષ્મેશ્વર | કશ્યપ, વત્સ, ધ્રુવ |
| ૫ | કીંદરખેડીયા | - | કૌશિક | કોથમી | સામવેદ | જોગેશ્વરી | કશ્યપેશ્વર | મૃત્યુ | જટીલ | લક્ષ્મેશ્વર | કૌશિક, અત્રિ, જમદગ્નિ |
| ૬ | જોષી | - | ભારદ્વાજ | મધ્યાંદિની | યજુર્વેદ | બંધુક્ષણી (અન્નપૂર્ણા) | નાગેશ્વર | દુધ્ધર્ય | ઈશાન | રામેશ્વર | ભારદ્વાજ, અંગીરશ |
| | ભોગાયતા | - | - | - | - | - | - | - | - | - | બ્રાર્હસ્પત્ય |
| ૭ | થાનકી | દવે | કૃષ્ણાત્રિ | મધ્યાંદિની | યજુર્વેદ | આશાપુરા | કેદારેશ્વર | મહાકાય | બટુક | દેવ | કૃષ્ણાત્રેય, અલ્પવાન |
| | સ્થાનકિયા | - | - | - | - | સામુદ્રી | - | - | - | - | સારસ્વત |
| | પંકિત | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮ | પુરોહિત | - | મૌદગલ | મધ્યાંદિની | યજુર્વેદ | ખરાનમી | ગંગેશ્વર | આર્ય | દેવ વત્સલ | હર્યક્ષ | મોદગલ, અંગીરશ, બ્રર્હસ્પત્ય |
| ૯ | મોઢા | જાની | કૌડિન્ય | મધ્યાંદિની | - | મહામાયા | નિલકંઠ | વક્રતુંડ | બટુક | દેવ | કૌડિન્ય, અસ્તિક, કૌશિક |
| ૧૦ | સાણથરા | ભટ્ટ | ગૌતમ | મધ્યાંદિની | - | અન્નપૂર્ણા | ત્રંબકેશ્વર | સાદ્ય | ઈમઈતા | ઈમઈતા | અંગીર, વશિષ્ટ |
| ૧૧ | રાજયગુરૂ | | ગૌતમ | મધ્યાંદિની | - | મોમાઈ | ત્રંબકેશ્વર | સાદ્ય | ઈમઈતા | ઈમઈતા | બ્રાર્હસ્પત્ય |

# આપણી ઓળખ વિશે

આપણી ઓળખના કોઠામાં નજર ફેરવશો તો ગૌત્ર, શાખા, વેદ, પ્રવર, કુળદેવીના નામો મળશે. પરંતુ ધણીવાર એવું બને છે કે એનો અર્થ સમજાતો નથી. અને જો અર્થ ના સમજાય તો કંઈ ન સમજાય, અને જો કાંઈ ન સમજાય તો તેમાં રૂચિ રહે નહીં . આપણે બ્રાહ્મણોની ૮૪ જાત છે પણ હમણાના તાજેતરના સર્વેક્ષણ મુજબ ૧૦૭ જેટલી બ્રાહ્મણોની જાત છે. એવું બહાર આવ્યું છે. એમાંયે બર્ડાઈ બ્રાહ્મણ ૮૪ બ્રાહ્મણોની યાદીમાં નથી. એ પછી બનાવેલી નવી યાદીમાં સદી વટાવી ગયા પછી એનો નંબર આવે છે. આ હકીકત સુચવે છે આપણી બર્ડાઈ કોમ ૮૪ જાત બ્રાહ્મણોમાંની એક પેટાજ્ઞાતિ છે જે વરસો પછી વિકસી છે અને આજે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. ધણાં બરડાઈને પોતાની કુળદેવીની પણ ખબર હોતી નથી. દા.ત. ધણાં ઓડદરીયા જોષી રંગબાઈને પોતાના કુળદેવી માને છે. પણ હકીકતમાં આપણી ઓળખમાં દષ્ટિપાત કરીએ તો જણાશે કે બંધુક્ષ્ણી કુળદેવી છે. રંગબાઈ આઈ એ સતી છે. દેવી અને સતીનો ફર્ક સમજવો જરૂરી છે. ચાલો આપણે એ નામનો અર્થ સમજવાની કોશીશ કરીએ.

**ગૌત્ર :** આપણે બ્રાહ્મણો મૂળ બ્રહ્માના પુત્રો કહેવાયએ. બ્રહ્માના ચાર માનસપુત્રો અભિ, ભૃગુ, અંગિરા અને મરીચી, આ આપણું મુળ ઋષિ કૂળ એના વધતા ગયેલા પરિવારના પગથિયે પગથિયે ઉતરી આવેલ આપણે આમ ગૌત્ર ઋષિકૂળ સુચવે છે. જે તે ઋષિના વંશજ એટલે ગૌત્ર.

**વેદ :** વેદ ચાર પ્રકારના છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, આપણા પૂર્વજો જે વેદોનો અભ્યાસ કર્યો હતો એ આપણો વેદ. આપણે બધા બાપોદ્રા અને છેલાવડા તથા કીંદર ખેડીયા સિવાય યજુર્વેદી બ્રાહ્મણો છે. જયારે બાપોદ્રા, છેલાવડા અને કીંદર ખેડીયાના પૂર્વજો સામવેદનો અભ્યાસ કરતા હતા અને બધા સામવેદી બ્રાહ્મણો છે. સામવેદમાં સંગીતમય ઋચાઓ છે. બાપોદ્રામાં ખાસ કરીને એ સંગીત ઉતરી આવ્યું છે.

**શાખા :** લગ્ન-જનોઈ જેવા શુભ પ્રસંગોએ બ્રાહ્મણો આપણી શાખાનું નામ લે છે. આ શાખા એ વેદની શાખા છે.-એનો ભાગ છે. એ સંપ્રદાય ભેદ સુચવે છે. યજુર્વેદની માદ્યંદિની શાખાએ આપણી શાખા છે તો સામવેદની કોથમી એ શાખા આપણા ઉપરોકત સામવેદી બ્રાહ્મણોની છે.

**પ્રવર :** એક કુટુંબમાં જે મોભી થઈ ગયા. જે મોટેરા કહેવાય એ પ્રવર્તક કે પ્રવર જેમાં કંઈક વિશિષટતા હતી- જે આગળ જતા આપણી વિશેષ ઓળખ બની. વિવાહમાં પ્રવરનું સરખાપણું એક બાધક બને છે.

**કુળદેવી :** ગૌત્રવાળા કુટુંબમાં પૂજાતી દેવી : અહીં દેવી અને સતીનો ફર્ક સમજવો જરૂરી છે. નવદુર્ગામાં ની એક દેવી એ મોટે ભાગે આપણા વંશમાં પૂજાતી આવી છે. સતી એ મનુષ્યગણમાંની છે. દેવી એ શકિત છે તો સતી એ ભકિત છે, એક વિશિષ્ટ વ્યકિત છે.

# અટક એક અટકળ

જોડણી કોશ પ્રમાણે અટકનો અર્થ થાય છે કાચી કેદ. બીજો અર્થ થાય છે સંકલ્પ-પ્રતિજ્ઞા અને ત્રીજો અર્થ થાય છે નડતર-અવરોધ. એટલે અટક એ મૂળ શબ્દ નથી. અવટંક ઉપરથી ઉતરી આવ્યો હોય એમ લાગે છે. અવટંકનો અર્થ છે 'અટક'. આનો અર્થ એમ બતાવવામાં આવે છે કે નામ જોડે મુકવામાં આવતુ ગૌત્ર, ધંધો કે વર્તન ઈત્યાદિ બતાવતું ઉપનામ, આના પરથી એટલું જરૂર ફલિત થાય છે કે મુળ શબ્દ 'અડક' છે પણ સમયાંતરે પ્રચલિત થયેલો શબ્દ અટક છે. સંસારની એ વણલખ્યો નિયમ છે જે પ્રચલિત થાય છે એ ટકે છે 'અટક' નો અર્થ સ્પર્શ પણ થઈ શકે છે. આ શબ્દમાં ઓળખનો સ્પર્શ જાણે રહેલો છે. અડક નું મુળ 'અડ' શબ્દમાં હોય એમ જણાઈ આવે છે. 'અડગનું સગું' એવો શબ્દ પ્રયોગ આજે પણ આપણા ગામડામાં થાય છે. જેનો અર્થ અડચણમાં કામ દે- કામ આવે એવું નજીકનું સગું. આ શબ્દમાં નજીકના સગાંનો ખરા સગાને સૂચિતાર્થ છે. પહેલાના જમાનામાં એટલે કે આજથી ૭૦/૮૦ વર્ષ પહેલા એમ બોલાતું - જમનાદાસ ગોકુલદાસ અવટંકે થાનકી અથવા માધવજી પીતાંબર અવટંકે પ્રોહીત (પુરોહીત). પણ જમાના સાથે ઘણું બદલાતું જાય છે એમ 'અવટંકે' લખાતું બંધ થયું માત્ર અટક જોડવામાં આવી. રમૂજ ખાતર કહેવું હોય તો અટકનો પોલીસ ખાતાનો અર્થ છે 'ધરપકડ'. નામ પાછળ જે ઉપનામની ધરપકડ કરવામાં આવે છે એ અટક.

આમ અટક એ ઓળખનું વિશેષણ છે. અથવા ઓળખ માટેનું વપરાતું-વિશેષ નામ છે. જેની જરૂર જમાનાની બદલાતી તાસીર સાથે જણાઈ આવી. આમ અટક નામની પાછળ ઉપનામ તરીકે જોડવામાં આવી. પણ અત્યારના જમાનામાં એ ઘણા ઠેકાણે નામની આગળ લગાવવામાં આવે છે. આ તો નામ જોડે લગાડવામાં આવતું ઉપનામ હોય એ નામની આગળ લગાડો કે પાછળ એનાથી ઓળખમાં કોઈ ફર્ક પડવાનો નથી કે એનાથી એનો મૂળભૂત આશય બદલાતો નથી. છતાંયે એ જો નામની પાછળ લાગે તો એમાં બન્નેની શોભા જાણે વધારે ખીલી ઉઠે છે. એમાં એક રીધમ આવે છે. અંગ્રેજીમાં કહેવું હોય તો Its Sound Well ! દા.ત. સ્વપ્નશીલ આચાર્ય અથવા બાલમુકુંદ પંડ્યા કે પછી જય પુરોહિત.

અટક જોડે નામ લખવાની પ્રથા ક્યારે શરૂ થઈ એ ઈતિહાસના સંશોધનો વિષય બની જાય છે. હા એક અનુમાન, એક અટકળ જરૂર લગાવી શકાય કે મનુષ્ય ટોળીઓમાં રહેવાનું છોડી દઈ કુટુંબ બનાવી રહેવા લાગ્યો ત્યારે એને એવા વિશેષણની આવશ્યકતા જણાઈ જેના થકી એ પોતાના કુટુંબની ઓળખ જાળવી શકે. કુટુંબના કોઈ મોભી કે મુખ્ય પુરૂષના લક્ષણ ઉપરથી અટક અસ્તિત્વમાં આવી હોવી જોઈએ આપણે ગોત્ર સાથે પ્રવરનો આપણી ઓળખમાં ઉલ્લેખ કરીએ છીએ એમાં આ સત્યના અંશો છુપાયેલા છે.

કુટુંબ જીવન જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ અટકનો વધારો થવા માંડ્યો. પહેલા સંયુકત કુટુંબ એકજ અટકે ઓળખાય જતુ પરંતુ ધીરે ધીરે કુટુંબ વિભીક્ત થવા લાગ્યા. નવો ધંધો, નવો વસવાટ, નવી પસંદગી પ્રમાણે અટકનું પણ વિભાજન શરૂ થયું. અલબત આના ઉપરથી એમ સમજી લેવાની જરૂર નથી કે કુટુંબે આડેધડ ગમે તે અટક અપનાવી લીધી, ઈતિહાસના અંતરંગમાં ડોકીયું કરીએ તો એમ લાગે છે કે આ અટક આવા કુટુંબોને સમાજે અર્પણ કરી છે. આવી અટકો કોઈ ખાસ લક્ષણ ઉપરથી અમુક કાર્ય પરથી ખાસ દેખાવ ઉપરથી સ્વભાવની ખાસ વિશિષ્ઠતા ઉપરથી અથવા કુટુંબની એવી કોઈ ખાસ લાક્ષણિકતા ઉપરથી મળી છે. પુરાતન કાળમાં પણ રઘુવંશ, સુર્યવંશ કે ચંદ્રવંશ એ પ્રમાણે વંશના નામ હતા. એ વંશમાં જન્મેલા સર્વ પુરૂષો પોતાના વંશના નામે ઓળખાતા કે ઓળખાવું પસંદ કરતા. વેદના જમાનામાં બ્રાહ્મણો ગોત્ર, શાખાઓની એંધાણીએ ઓળખાતા. છતાંયે આપણા દેશ પર જયારથી પશ્ચિમનો પવન વાયો ત્યારથી અટકનો પ્રચાર અને પ્રસાર બહુ વધ્યો. લોકોમાં મોટા થવાની કે મોટા દેખાવાની નબળાઈ પહેલેથી છે. તેથી કુટુંબની વિશેષતા વધારવા નવી નવી અટકો સમાજમાં આવવા લાગી. જેમ અસલ બધાં વાણિયાઓ 'શાહ' તરીકે ઓળખતા તેમ બ્રાહ્મણો તે પછીના જમાનામાં પોતાની ધાર્મિક પ્રવૃતિઓ પરથી ઓળખાવા લાગ્યા જેમ કે જોષી, રાજયગુરૂ, પુરોહિત, પંડિત વગેરે...

આપણી ગુજરાતી અટકોની એક ખાસીયત એ છે કે કુટુંબ એક જ અટકને પ્રમાણિક પણે વળગી રહેતું નથી થોડી પેઢીઓ અમુક અટક ચાલે છે અને પછી એક યા બીજા કારણસર કુટુંબની અટક બદલાઈ જાય છે. ઘણીવાર આની પાછળ કોઈ ખાસ કારણ જેવું પણ હોતું નથી, જુવાન લોહીને બાપદાદાથી ચાલી આવતી જુની અટક જુનવાણી લાગે છે ત્યારે કંઈ નવું કરવાની વૃતિ સળવળે છે. જયારે કંઈ નવું કરવાની વૃતિમાં ધગશ ભળે છે ત્યારે બીજુ કાંઈ નહી તોયે અટક બદલી નાખે છે. ઘણીવાર સંજોગો કે બદલાતી ભૌગોલિક પરિસ્થિતિ આના માટે જવાબદાર હોય છે, ઘણીવાર માત્ર દેખાદેખીને કારણ આમ બનતું હોય છે. હવે કાકાએ પોતાની અટક બદલી એટલે થયું કે અમે પણ અટક બદલી નાખીએ એવું કહેનારા આજે પણ મળે છે.

*અટકના મૂળ તપાસીએ તો મુખ્યત્વે ચાર કારણોને લીધે અટકની ઉત્પતિ થઈ હોય એવું લાગે છે.*

*૧) અટકનો સૌથી મોટો જથ્થો ધંધા પરથી પડેલી અટકનો છે.*
*૨) બીજો પ્રકાર સ્થળ અથવા ગામના નામ સાથે જોડાયેલો છે.*
*૩) ત્રીજો પ્રકાર બાપદાદાઓના નામ પરથી પડેલો છે.*
*૪) છેલ્લો અને ચોથો પ્રકાર સમાજે આપેલી અટકોનો છે.*

૧. ધંધાઓની સંખ્યા વધતી જાય છે એમ અટકની વસ્તી વધતી જાય છે. એક જ કુટુંબ એક જ ધંધામાં એકાદ બે પેઢી ટકે છે. ધંધો બદલાય છે. ગામ બદલાય છે અને અટક બદલાઈ જાય છે. પોતાની આગવી ઓળખને ટકાવી રાખવા ચોખાવાલા, બંદૂકવાલા, રંગવાલા વગેરે અટકો પ્રચલિત થવા માંડે છે. વ્યવસાય પરથી પડેલી બ્રાહ્મણોની અટકોમાં જોશી, પુરોહિત, આચાર્ય, પંડિત, રાજયગુરૂ વગેરે આવે છે.

૨. બીજો પ્રકાર સ્થળ અથવા ગામના નામ પરથી પડેલી અટકોનો છે. આમાં રોજી રોટી માટે થતું સ્થળાંતર જવાબદાર હોય છે. ઘણીવાર પોતાના ધર્મની રક્ષા કે વફાદારીને કારણે મૂળ જગ્યા છોડવી પડે છે. અને દુર દુર જયાં જુની જગ્યાનો પડછાંયો પણ ન પહોંચે એવા પ્રદેશમાં આવી વસવાટ કરવો પડે છે ત્યારે એ નવી જગ્યાનો આશરો લઈ એક નવી ઓળખ ઉભી થાય છે.

૩ ત્રીજો પ્રકાર બાપદાદાઓના નામ પરથી પડેલી અટકોનો છે. બાપદાદાઓની ખાસીયત, એની વિરતા, એની વિશિષ્ટતા એની લાક્ષણીકતા ઉપરથી અટક પડવા માંડી.

૪ ચોથો પ્રકાર કોઈ કુટુંબ પ્રત્યે પોતાનો ગમો/અણગમો દાખવવા લોકોએ પાડી દીધેલી અટકોનો છે. આમ જોઈએ તો પ્રાણીઓ અને જીવજંતુના નામ પરથી પણ અટકો પડી છે. હાથી, વાઘ, શિયાળ જેવી વિકરાળ તો નાના મગતરા જેવી મચ્છર, માંકડ, અટક પણ અસ્તિત્વમાં છે.

આપણા બર્ડાઈ બ્રાહ્મણની વાત કરીએ તો સ્થળાંતરને કારણે પડેલી અટકોમાં થાનકી અને મોઢા આવે એવી અટકળ કરી શકાય છે. જોશી, પુરોહિત, આચાર્ય, પંડિત, રાજયગુરૂ એમના ધાર્મિક વ્યવસાયના કારણે ઓળખાતા હોય એ અનુમાન સત્યની વધારે નજીક હોય એ અનુમાન સત્યની વધારે નજીક હોય એવું લાગે છે. ભોગાયતા, બાપોદરા, કિંદરખેડીયા, જેવી અટકો સાથે ગામના નામ જોડાયેલા જરૂર લાગે છે. સાણથરા, બાંભણીયા, અને છેલવાડાં જેવી આપણી અટક આગળ આવી અનુમાન અટકી જાય છે. સમાજે આપેલી અટકોના પ્રકારમાં એને મુકીએ એ ઉચીત છે કે નહીં એ અટકળનો વિષય છે.

પરંતુ એક સત્ય ઉડીને આંખે વળગે છે કે અટકો બદલાતી રહે છે. અટકનો પણ જાણે જન્મ-મરણ સાથે નાતો હોય એવું લાગે છે. અટકોમાં પણ મનુષય જાતિની જેમ જન્મ-મરણનું ચકક્ર ચાલ્યા કરે છે.

ત્રણ ચાર દાયકા પાછળ જઈએ તો લાગે છે, અમુક બાપોદ્રા એ ‘પંડયા’ જેવી અટક અપનાવી છે. કશ્યપ ગૌત્ર મરીચી છે એમ પણ કહે છે. બ્રહ્માના ચાર માનસ પુત્રોમાં એક મરીચી અને એનો પુત્ર એ કશ્યપ એટલે એમાં કોઈ વિશેષ ફર્ક દેખાતો નથી. સામવેદી આ બ્રાહ્મણો ખાવાપીવાના અને સંગીતના શોખીન-પંડયાનું મુળ કાશીના પંડા સુધી પહોંચે છે, જે ખાધે પીધે સુખી અને તબીયતે તંદુરસ્ત, બાપોદ્રાનું પંડયા ગમે તે કારણસર થયું હોય પણ એની વિશિષટતા બદલાયેલી અટકમાં પણ અકબંધ રહે છે. એવું કહેવામાં અતિશ્યોકિત નથી. મુંબઈ સમાજનો દાખલો લઈએ તો ૨૭ જેટલા કૃષ્ણાત્રિ ગૌત્રના યજુર્વેદી થાનકી બ્રાહ્મણોએ પોતાની અટક બદલીને દવે કરી છે. ગૌતમ ગૌત્રના માંધ્યંદિની શાખાના યજુર્વેદી સાણથરા કુટુંબે ભટ્ટ અટક અપનાવી છે. આમ જોઈએ તો ભટ્ટનો અર્થ યોદધા જેવો થાય છે. એનો બીજો અર્થ છે શૂરવીર. પોતાના ક્ષેત્રમાં શૂરવીર એટલે ભટ્ટ એવું અર્થઘટન કોઈ કરી શકે. પરદેશમાં વસતા આપણી જ્ઞાતિના અમુક મોઢા કુટુંબ જે કૌડિન્ય ગૌત્રના અજુર્વેદી બ્રાહ્મણો છે એમણે જાની અટકનો અંગીકાર કર્યો છે. આની પાછળના કારણો ગમે તે હોઈ શકે અને મોટા ભાગે એ અંગત હોય આપણે જાણવાની જરૂર નથી. અટક બદલાવવાનો અધિકાર જે સમાજ પાસે હતો એ હવે બદલાતા જમાના સાથે વ્યકિતગત થઈ ગયો છે. ડર માત્ર એટલો જ લાગે છે કે પશ્ચિમીકરણના આંધળા અનુકરણ સાથે કદાચ આ નવી ઓળખ જૂની ઓળખને ભુલી જશે તો પોતાનું જ લોહી પોતાને નહીં ઓળખે. વરસો પછી કદાચ આવો સંવાદ સાંભળવા મળે-હલ્લો-આપ-મોઢા-અમે તો જાની છીએ. કોઈ કહેશે, આપ-દવે- તો અમે સ્થાનકિયા- આ બન્ને વચ્ચે રહેલો મૂળ થાનકી વિસરાઈ જશે તો બધું જ વિસરાઈ જશે.

આજ ની આ દુનિયામાં માણસ પૈસાથી ઓળખાવા માંડયો છે. આવનારી પેઢીઓમાં આજ કરતાં અનેક ગણો પૈસાનો મોહ વધવાનો, એ નિઃશંક છે. પૈસાથી આવનારી પેઢીઓમાં આજ કરતાં અનેક ગણો પૈસોનો મોહ વધવાનો, એ નિઃશંક છે. પૈસાથી અટક બદલાઈ જાય તો નવાઈ જેવું કાંઈ નહીં લાગે, કોઈ બ્રાહ્મણનો દિકરો પોતાની અટક કરોડપતિ પણ રાખે. પવન કઈ બાજુએ ફુંકાઈ રહયો છે એ કહી ન શકાય. આવી નાજુક પરિસ્થિતિમાં બ્રાહ્મણો તરીકે આપણા વેદ, શાખા, ગોત્ર, પ્રવર, કુળદેવીને ન ભૂલીએ એટલુંજ આજની ઘડીએ યાદી રાખીએ.

# યુવક મંડળ કમિટી–૨૦૧૭

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | ધીરેનભાઇ થાનકી | પ્રમુખ | 98242 60200 |
| ૨ | હિરેનભાઇ થાનકી | ઉપપ્રમુખ | 97279 53008 |
| ૩ | રવિભાઇ થાનકી | મંત્રી | 91063 15288 |
| ૪ | અશોકભાઇ જોષી | સભ્ય | 89800 75075 |
| ૫ | મહેશભાઇ મોઢા | સભ્ય | 96625 33698 |
| ૬ | દિવ્યેશભાઇ મોઢા | સભ્ય | 94096 57201 |
| ૭ | પ્રિતભાઇ દવે | સભ્ય | 91578 14181 |
| ૮ | આશિષભાઇ દવે | સભ્ય | 75671 16310 |
| ૯ | મનોજભાઇ મોઢા | સભ્ય | 94266 08607 |
| ૧૦ | અશોકભાઇ થાનકી | સભ્ય | 98986 67588 |
| ૧૧ | પરેશભાઇ જોષી | સભ્ય | 93773 99455 |
| ૧૨ | ચિંતનભાઇ મોઢા | સભ્ય | 84606 70005 |
| ૧૩ | અભિષેકભાઇ દવે | સભ્ય | 75671 15812 |
| ૧૪ | વિરલભાઇ જોષી | સભ્ય | 99049 49490 |
| ૧૫ | સતિષભાઇ સાણથરા | સભ્ય | 99090 15213 |
| ૧૬ | મયુરભાઇ જોષી | સભ્ય | 84018 39329 |
| ૧૭ | મિહિરભાઇ રાજયગુરૂ | સભ્ય | 81411 36701 |
| ૧૮ | સોહમભાઇ થાનકી | સભ્ય | 94274 80841 |
| ૧૯ | આદિત્યભાઇ મોઢા | સભ્ય | 97124 92977 |
| ૨૦ | પલકભાઇ વી. થાનકી | સભ્ય | 86383 58855 |
| ૨૧ | રાજનભાઇ એન. જોષી | સભ્ય | 98982 87964 |

# મહિલા મંડળ ટીમ ૨૦૧૭

| ક્રમ | નામ | હોદો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | ગીતાબેન થાનકી | પ્રમુખ | 80004 20279 |
| ૨ | શારદાબેન પી. મોઢા | ઉપ પ્રમુખ | 94087 42176 |
| ૩ | કોમલબેન જોષી | મંત્રી | 95375 71149 |
| ૪ | કિરણબેન ભોગાયતા | સભ્ય | 98981 12022 |
| ૫ | શિલ્પાબેન મોઢા | સભ્ય | 75671 61817 |
| ૬ | ભાવનાબેન જોષી | સભ્ય | 94271 45967 |
| ૭ | દક્ષાબેન મોઢા | સભ્ય | 94275 72055 |
| ૮ | મનીષાબેન મોઢા | સભ્ય | 0288 - 2754720 |
| ૯ | ભાવનાબેન કે. દવે | સભ્ય | 84878 59296 |
| ૧૦ | ઉર્વશીબેન થાનકી | સભ્ય | 94285 70230 |
| ૧૧ | પ્રીતીબેન જી. જોષી | સભ્ય | 99743 81333 |
| ૧૨ | સરોજબેન જે. દવે | સભ્ય | 94083 19554 |
| ૧૩ | હર્ષાબેન વી. દવે | સભ્ય | 98251 61229 |
| ૧૪ | નિતલબેન નિલેશ થાનકી | સભ્ય | 82007 47426 |
| ૧૫ | મેઘનાબેન આર. જોષી | સભ્ય | 99252 39428 |